**આશ્રમશાળા અધિકારીની કચેરીઓનું કાર્યક્ષેત્ર નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
**ઠરાવ ક્રમાંક: TDD/MIS/e-file/25/2023/0905/KH**
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીનો તા.૨૫/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક:આવિ/મકમ/૧/ફા.નં.૪૮૧૭/ ૨૦૨૨ / ૯૭૮.

(૨) નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીનો તા.૦૯/૦૫/૨૦૨૩નો સ્મૃતિ પત્ર ક્રમાંક: DOTD/0053/05/ 2023.

**પ્રસ્તાવના :**

નિયામકશ્રી , આદિજાતિ વિકાસની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના પત્રથી નવિન આશ્રમશાળા અધિકારીની કચેરી નવસારી અને પંચમહાલનું કાર્યક્ષેત્ર નક્કી કરવા માટે આ વિભાગમાં દરખાસ્ત કરેલ હતી. જેના અનુસંધાને આશ્રમશાળા અધિકારીની કચેરી, દાહોદના કાર્યક્ષેત્રમાંથી પંચમહાલ અને મહિસાગર જિલ્લાની આશ્રમશાળાઓનું તથા આશ્રમશાળા અધિકારીની કચેરી, વલસાડના કાર્યક્ષેત્રમાંથી નવસારી અને ડાંગ જિલ્લાની આશ્રમશાળાઓનું વિભાજન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના નિયંત્રણ હેઠળની આશ્રમશાળા અધિકારીની કચેરીઓનું વિભાજન કરીને નવેસરથી નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબનું કાર્યક્ષેત્ર આથી નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | કચેરીનું નામ | કાર્યક્ષેત્રમા સમાવિષ્ટ જિલ્લો |
|---|---|---|
| ૧ | આશ્રમશાળા અધિકારીની કચેરી, દાહોદ | દાહોદ |
| ૨ | આશ્રમશાળા અધિકારીની કચેરી, પંચમહાલ | પંચમહાલ અને મહિસાગર |
| ૩ | આશ્રમશાળા અધિકારીની કચેરી, વલસાડ | વલસાડ |
| ૪ | આશ્રમશાળા અધિકારીની કચેરી, નવસારી | નવસારી અને ડાંગ |

આશ્રમશાળા અધિકારીની કચેરી , દાહોદ તથા વલસાડ દ્વારા સદરહું ઠરાવની તારીખની સ્થિતિએ ચાલુ રેકર્ડ અનુક્રમે આશ્રમશાળા અધિકારીની કચેરીઓ, પંચમહાલ અને નવસારીને તાત્કાલિક અસરથી સોંપવાનું રહેશે.

આ ઠરાવનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**જયદેવસિંહ વાઘેલા**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by: Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.06.26 10:40:47 +05:30

File No: TDD/MIS/e-file/25/2023/0905/KH Section
Approved By: R H VASAVA(JS,KH Section,TDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**નકલ રવાના :**

- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- મદદનીશ કમિશ્નરશ્રીની કચેરી, દાહોદ, પંચમહાલ, મહિસાગર, વલસાડ, નવસારી અને ડાંગ.
- આશ્રમશાળા અધિકારીશ્રી, દાહોદ, પંચમહાલ, મહિસાગર, વલસાડ, નવસારી અને ડાંગ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (દાહોદ, પંચમહાલ, મહિસાગર, વલસાડ, નવસારી અને ડાંગ).
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.06.26 10:40:47 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign